# સ્વર્ણિમ પાર્કનું લોકાર્પણ જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં

## ગ-૪ થી ચ-૪ વિસ્તારમાં અનેક આકર્ષણોથી સજ્જ સ્વર્ણિમ પાર્કનું કામ પૂર્ણ : ટુંકમાં સહેલાણીઓ માટે ખુલ્લો મુકાશે

ગાંધીનગર, તા. ૮

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટને હાલ આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. નગરજનો અને મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનતા સ્વર્ણિમ પાર્કનું આગામી તા. ૧ જાન્યુઆરીના રોજ લોકાર્પણ કરવામાં આવે તેવી સંભાવના છે. વિવિધ પ્રકારના પ્લાઝા, વોટરબોડી, પ્લાન્ટેશન તેમજ હરિયાળી લોન સહીત અનેક આકર્ષણોથી નિખરતો સ્વર્ણિમ પાર્ક નગરનું એક નવુ નઝરાણુ બની રહેશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કનું કામ પૂર્ણ થઈ ગયું છે. કરોડોના ખર્ચે વિકસાવાયેલા સ્વર્ણિમ પાર્કને નિખારવા છેલ્લા પાંચ વર્ષથી કામ હાથ ધરવામાં આવ્યું છે. તબક્કાવાર ગ-૪ થી ઘ-૪ અને ચ-૪ તેમ આડા બેલ્ટમાં પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. પ્રથમ તબક્કામાં પાર્કની આસપાસ રસ્તા અને વોક વે તેમજ વચાળે હરિયાળી લોન અને પ્લાન્ટેશનનુ કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. પાર્કમાં સહેલાણીઓ માટે સીટીંગ અમ્બ્રેલા



# ગાંધીનગર શહેરને ચોખ્ખુચણાક રાખવાની જવાબદારી આપણી છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં આજકાલ સફાઈ અભિયાન જોરશોથી ચાલી રહ્યું છે. જ્યાં જુઓ ત્યાં સફાઈ કર્મચારીઓ હાથમાં ઝાડુ પકડી રોડ-રસ્તા સાફ કરી રહ્યા છે. ઠેર ઠેર રંગરોગાન અને સાફ-સફાઈ કરી શહેરની રોનકને ચાર ચાંદ લગાવવામાં આવી રહ્યા છે. વાયબ્રન્ટ ગુજરાતને પગલે શહેર એકદમ ચોખ્ખુ બનાવાઈ રહ્યુ છે. પરંતુ વાયબ્રન્ટ ગુજરાત બાદ શહેર પુનઃ ગંદકીના ઢગલામાં ન ફેરવાય તે જોવાની જવાબદારી વહીવટીતંત્રની સાથે સાથે આપણા સૌની છે. જ્યાં ત્યાં કચરો ન નાંખીને આપણે આપણા શહેરને કાયમ ચોખ્ખુ જ રાખશુ તેવો સંકલ્પ આપણે લઈશુ.

**સમયસર**

જાન્યુઆરી માસમાં વાયબ્રન્ટ સમિટ મહાત્મા મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યુંછે. વાયબ્રન્ટ સમિટ અને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગર પધારશે. વીવીઆઈપી અને વીઆઈપીઓનો મેળાવડો અહીં જામશે ત્યારે ગાંધીનગરની રોનક વધારવાની પાછળ સમગ્ર તંત્ર જોતરાઈ ગયું છે. શહેરની સૌથી મોટી સમસ્યા ગણાતી ગંદકી અને અસ્વચ્છતા મહાનુભાવોની નજરે ન ચડી જાય તે માટે શહેરના મુખ્ય માર્ગોની સાથે સાથે સેક્ટરોની આંતરીક સફાઈ પુરજોશમાં ચાલી રહી છે. માર્ગો પર હાથમાં ઝાડુ લઈ સાફ-સફાઈ કરતા સફાઈ કર્મીઓ ઠેર ઠેર નજરે ચઢી જાય છે. શહેરની રોનકને ચાર ચાંદ લાગી ગયા છે. જો કે સૌથી મોટો પ્રશ્ન એ છે કે વાયબ્રન્ટ સમિટ પૂર્ણ થઈ ગયા પછી પણ શહેર આવુ જ ચોખ્ખુ ચણાક રહી શકશે ? હાલમાં તો વધારાના સફાઈ કર્મીઓને સાફ-સફાઈ માટે કામ સોંપવામાં આવ્યા છે. પરંતુ વાયબ્રન્ટ સમિટ પૂર્ણ થઈ ગયા પછી રેગ્યુલર સફાઈ કર્મીઓ આવી જ રીતે શહેરને ચોખ્ખુ રાખી શકશે કે કેમ..! આપણે એ સમજવુ જરૂરી છે કે શહેરની સફાઈની જવાબદારી સફાઈ કર્મીઓની સાથે સાથે વસાહતીઓની પણ છે. ડોર ટુ ડોર કચરો ઉઘરાવવાની વ્યવસ્થા શહેરમાં શરૂ કરવામાં આવી હોવા છતાં કેટલાક વસાહતીઓ કચરો જાહેરમાં ફેંકવાની આદત ભુલાવી શકતા નથી. આજકાલ લગ્નોની સીઝન ચાલી રહી છે ત્યારે લગ્ન સમારંભો યોજાયા હોય તેની આસપાસના સ્થળો ગંદકી અને દુર્ગંધથી ઉભરાતા નજરે ચઢી જાય છે. પ્લાસ્ટીકનો કચરો જ્યાં ત્યાં પડેલો જોઈ શકાય છે. વાયબ્રન્ટના પગલે જ્યારે શહેરને એકદમ ચોખ્ખુ બનાવાઈ રહ્યું છે ત્યારે વાયબ્રન્ટ બાદ પણ શહેર આવુ જ ચોખ્ખુ અને સ્વચ્છ રહે તે માટે સૌ વસાહતીઓએ સંકલ્પ લેવો જરૂરી છે. આપણે મનથી નક્કી કરીશુ કે જ્યાં ત્યાં કચરો નહી નાંખીએ. જાહેર સ્થળોએ કચરો ફેંકી તેને ગંદુ નહી કરીએ. શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જો આ કાર્યમાં જોડાઈ જાય તો આપણુ ગાંધીનગર હંમેશા સ્વચ્છ અને સુંદર બની રહેશે.

# કોબા સર્કલને નવો લૂક આપવાનુ કામ શરૂ : જૂનુ સર્કલ તોડી પડાયું

## ગીફ્ટ દ્વારા નવા થીમ આધારે સર્કલને ડેવલપ કરાશે : વાઈબ્રન્ટ પૂર્વે કામ પૂર્ણ થશે

ગાંધીનગર, તા. ૮

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરના રસ્તા, ફૂટપાથ, સેન્ટ્રલવર્જ અને સર્કલોને નિખારવાનું કામ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ દરમિયાન મહાનુભાવોની અવર-જવરના રૂટમાં આવતા તોતિંગ કોબા સર્કલને 'ગીફ્ટ'ના કન્સેપ્ટ આધારે નવેસરથી વિકસાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. જુની સર્કલ તોડી પાડવામાં આવ્યું છે.

વાઈબ્રન્ટ સમિટિને અનુલક્ષી નગરમાં સફાઈ, દબાણો દૂર કરવા તેમજ માર્ગ નવીનીકરણ ઉપરાંત બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત જાળવણીના અભાવે લાંબા સમયથી કંગાળ ભાસતા સર્કલોને નિખારવા પણ વિવિધ સંસ્થાઓને જવાબદારી સોંપી દેવામાં આવી છે. જેના લીધે શહેરના વિવિધ માર્ગો પર સ્થિત સર્કલોને નવા થીમ આધારિત વિકસાવવાનું કામ શરૂ કરી દેવાયું છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે નગરના તમામ સર્કલોને નવા રૂપરંગ આપવાનુ કામ પૂર્ણ કરી દેવાશે. આ ઉપરાંત નગરના પ્રવેશદ્વારથી થોડે દૂરના અંતરે સ્થિત કોબા સર્કલને પણ નવેસરથી વિકસાવવાનુ કામ શરૂ કરી દેવાયું છે. હાલ જૂના સર્કલને તોડી પાડવામાં આવ્યું છે. જ્યારે સર્કલને સુશોભિત કરવાની જવાબદારી 'ગીફ્ટ'ને સોંપવામાં આવી છે. સર્કલને નવા 'ગીફ્ટ' થીમના આધારે ડેવલપ કરાશે નવી લોન અને પ્લાન્ટેશન સાથે સર્કલને નવો લૂક અપાશે. વાઈબ્રન્ટમાં મહાનુભાવોની અવર-જવર દરમિયાન આ સર્કલ પણ આકર્ષણનું કેન્દ્ર બની રહે તેવા પ્રયાસો શરૂ કરી દેવાયા છે.

# ભાજપા વિશ્વમાં સૌથી મોટો સદસ્ય ધરાવતો પક્ષ બનશે

ગાંધીનગર, તા.૮

ગુજરાના પ્રદેશ ભાજપના પ્રભારી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને રાષ્ટ્રીય સદસ્યતા અભિયાનના ઈન્ચાર્જ ડૉ. દિનેશજી શર્માએ આજે ભાજપ પ્રદેશ કાર્યાલય શ્રીકમલમ્ ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યું હતુ કે, ભાજપની સદસ્યતા સંખ્યા વિશ્વના અન્ય દેશોના પક્ષોના સદસ્યોની સંખ્યા કરતા સૌથી વિશેષ બનશે અને વિશ્વ રેકોર્ડ તોડશે. ૧૦ કરોડ કરતાં પણ વધારે સદસ્ય સંખ્યા પાર કરશે.

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજા અને સંગઠન પ્રવના ઈન્ચાર્જ શ્રી મનસુખ માંડવીયાની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદને વિગતો આપતાં શ્રી શર્માએ જણાવ્યું હતું કે, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિત શાહ પણ જુદા જુદા રાજ્યોનો પ્રવાસ કરે છે. પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમિયાન એક દિવસમાં એક લાખ સદસ્યો બન્યા હતા. ગુજરાતમાં બુથ ચલો અભિયાન અંતર્ગત તા. ૨૬મી નવેમ્બરથી ૨જી ડિસેમ્બર દરમિયાન પાવતીથી સદસ્ય બનનારની સંખ્યા ૫૦ લાખથી પણ વધુ થઈ છે. આ ઉપરાંત મોબાઈલ દ્વારા નિઃશુલ્ક સદસ્તા રજીસ્ટર કરાવનારની સંખ્યા ૧૦ લાખ ૩૮ હજાર જેટલી નોંધાઈ છે.

શ્રી શર્માએ વધુમાં જણાવ્યું હતું કે, ઓનલાઈન સદસ્યતા ઘણા કરે છે પરંતુ મોબાઈલના માધ્યમથી સદસ્ય બનાવવાનું કામ વિશ્વમાં પહેલીવાર કરવામાં આવી રહ્યુંછે. જ્યારે ૧ કરોડ ૯૮ લાખ જેટલા લોકોએ દેશભરમાંથી મિસ કોલ કર્યા છે. જે પૈકી ૧ કરોડ ૨૫ લાખ લોકોએ સદસ્યતા મેળવી છે.

શ્રી શર્માએ વધુમાં જણાવ્યું હતું કે, દેશભરમાં જુદા જુદા રાજ્યોમાં સદસ્યતા અભિયાન માટે પ્રવાસ કરું છું. ગુજરાતમાં ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન આ બાબતે આગેવાનો અને પદાધિકારીઓને મળીને સમીક્ષા કરવામાં આવી રહી છે. પતંગ મહોત્સવ, શાળા, કૉલેજના કેમ્પસમાં, કૃષિ મેળામાં સદસ્યતા નોંધણી કરવામાં આવશે. યુવા મોરચો, મહિલા મોરચો તથા અન્ય મોરચા અને સેલ દ્વારા પણ સદસ્યતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે સદસ્ય ૧૦૦ પ્રાથમિક સદસ્યો નોંધશે તે સક્રિય સભ્ય બનવાની પાત્રતા ધરાવશે.

# વાયબ્રન્ટ સમિટમાં યુએનના સેક્રેટરી જનરલ હાજરી આપશે



ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં યોજાનારા વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટેના નિમંત્રણનો યુએનના સેક્રેટરી જનરલ બાનકીમુને સ્વીકાર કર્યો છે. અને તેઓ ગુજરાતના પ્રવાસે જાન્યુઆરીમાં આવશે.

આ અંગેની વિગતો પત્રકારોને આપતાં રાજ્યના ઉદ્યોગ મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે આગામી જાન્યુઆરી-૨૦૧૫માં ત્રણ દિવસ માટે વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ યોજાનાર છે. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવા માટે યુએનના સેક્રેટરી જનરલને આમંત્રણ પાઠવવામાં આવ્યુ હતુ.

ગુજરાત સરકારના આ આમંત્રણનો યુએનના સેક્રેટરી જનરલ બાનકી મુને સ્વિકાર કર્યો અને તેઓ આ કાર્યક્રમમાં ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવાના છે. એમ ઉદ્યોગમંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે તેઓ ૧૦મીએ ગુજરાત આવશે અને ૧૧મીએ મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમિટના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત તેમના ગુજરાત રોકાણ દરમ્યાનના અન્ય કાર્યક્રમો હવે ઘડાશે.

યુએનના સેક્રેટરી જનરલ બેન કી મુન રીપબ્લીક ઓફ કોરીયાના વિદેશ મંત્રી તરીકે પણ સેવાઓ આપી ચુક્યા છે. આ ઉપરાંત સાઉથ આફ્રિકાના વિદેશ મંત્રાલયના ડીપ્લોમેટ (રાજદૂત) પણ અગાઉ રહી ચૂક્યા છે.

# વાઈબ્રન્ટ સમિટ માટે કેટેગરી મુજબ પાર્કીંગ પ્લેસ

## પાર્કીંગ પ્લેસ માટેની જવાબદારી અમદાવાદ સર્કલ ઓફીસને સોંપવામાં આવી





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૮

વાઈબ્રન્ટ સમિટમાં દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના છે. ચાર દેશોના પ્રધાનમંત્રી સહીત વિદેશી ડેલીગેટ્સ દુનિયાની શ્રેષ્ઠ કંપનીઓના એમ.ડી. વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવાના છે. આવા સંજોગોમાં મહાનુભાવોની અવર-જવરને ધ્યાને લઈ તંત્ર દ્વારા કેટેગરી વાઈઝ પાર્કીંગ વ્યવસ્થા નિયત કરવા મથામણ શરૂ કરી દેવાઈ છે. બીજી તરફ વાઈબ્રન્ટની પાર્કીંગ વ્યવસ્થા સંદર્ભે માર્ગ-મકાન વિભાગની અમદાવાદ સ્થિત સર્કલ ઓફીસને કામ સોંપવામાં આવ્યું હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

જાન્યુઆરી મહિનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં દેશના પ્રધાનમંત્રી સહીત અન્ય ચાર દેશોના પી.એમ. પણ ઉપસ્થિત રહેવાના છે. ભારતીય પ્રવાસી દિવસની ઉજવણીમાં પણ દેશના વિવિધ રાજ્યોમાંથી ૧૫ મુખ્યમંત્રીઓ તેમજ રાષ્ટ્રપતિ પણ ગાંધીનગરના મહેમાન બનશે. વી.વી.આઈ.પી. મહાનુભાવો, ઉદ્યોગપતિઓ તેમજ દેશ-વિદેશના ડેલીગેટ્સની હાજરીને અનુલક્ષી તમામ સરકારી તંત્ર સઘન સુરક્ષા અને જરૂરી વ્યવસ્થાને યોગ્ય કરવા ગતિશીલ બન્યુ છે. હાલ વાઈબ્રન્ટ સમિટને લઈ વિવિધ કક્ષાએ કામો હાથ ધરાયા છે. નગરને વાઈબ્રન્ટ લુક આપવા ઉપરાંત મહાનુભાવોની અવર-જવરના રૂટમાં સલામતીના મુદ્દે પણ જરૂરી પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જ્યારે ભવ્ય વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મહાનુભાવોને અનુલક્ષી જરૂરી પાર્કીંગ વ્યવસ્થા ગોઠવવા પણ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેના આધારે ગોલ્ડન, પ્લેટીનિયમ, સિલ્વર તેમજ કેટેગરી મુજબ વાહન પાર્કીંગની વ્યવસ્થા કરવામાં આવશે. પાર્કીંગ માટે પાંચ થઈ સાત જેટલા પ્લેસ આખરી કરાયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જો કે સ્થાનિક તંત્ર અન્ય તૈયારી અને કામગીરીમાં વ્યસ્ત હોવાથી પાર્કીંગ પ્લેસના આયોજનની જવાબદારી અમદાવાદ સ્થિત સર્કલ ઓફીસને સોંપવામાં આવી હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

# હવે, પ્રસંગોમાં પણ બાઉન્સરોની બોલબાલા

## જાહેર તહેવારો, લગ્ન પ્રસંગ, રાજકીય મેળાવડા તથા લોકોની હાજરી વધારે હોય ત્યાં હવે બાઉન્સરોની મદદ લેવાય છે

ગાંધીનગર, તા. ૮

ફિલ્મી હસ્તીઓએ જ્યારથી બાઉન્સરને પોતાના બોડીગાર્ડ તરીકે રાખવાનું શરૂ કર્યું છે ત્યારથી બાઉન્સરોને બોલાવવા એ દરેકપ્રસંગનું જાણે કે સ્ટેટસ બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. ગાંધીનગર, અમદાવાદ સહિત રાજ્યના શહેરોમાં યોજાતા વિવિધ પ્રસંગોએ હવે સુરક્ષાથી લઈને તમામ જવાબદારી બાઉન્સરોને સોંપાય છે. ચોક્કસ ડ્રેસકોડમાં સજ્જ આ બાઉન્સર્સે લોકોમાં એક આગવી છાપ અને પ્રભાવ ઉભો કર્યો છે અને જેથી યોજાતા પ્રસંગો અને કાર્યક્રમોમાં અસામાજીક તત્વો દૂર રહે છે અને અન્ય હાજર રહેતા લોકોમાં વિશ્વાસ ઉભો થાય છે. જો કે બાઉન્સરો એ હાલ તો સિક્યુરીટી ગાર્ડનું સ્થાન મેળવી લેતા કેટલાક સિક્યુરીટી ગાર્ડમાં નારાજગી પણ જોવા મળી રહી છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

દેશની નામાંકિત ફિલ્મી હસ્તીઓએ ધનાઢ્ય લોકોમાં બાઉન્સર્સ રાખવાનું ઘેલુ લગાડ્યું છે. આ ઘેલુ હવે ઘેર ઘેર પ્રસરીને જાહેર પ્રસંગો સુધી પહોંચી ગયું છે. હાલ જાહેર તહેવારો જેવા કે નવરાત્રી, જન્માષ્ટમી, શિવરાત્રી, દેવી-દેવતાઓના મંદિર, લગ્નપ્રસંગો, રાજકીય મેળાવડા તથા લોકોની હાજરી વધારે હોય ત્યાં હવે બાઉન્સરો સુરક્ષા કરતાં નજરે પડી રહ્યા છે. જો કે શરૂઆતમાં ચોક્કસ સ્થળોએ અને પ્રસંગોએ હાજર રખાતા બાઉન્સર્સ હવે સ્ટેટસ સિમ્બોલ બની જતાં ધનાઢ્ય અને પ્રચલિત હસ્તીઓ સુરક્ષા અર્થે બાઉન્સર્સ રાખી રહ્યા છે. જો કે બાઉન્સર્સ મોટે ભાગે બ્લેકડ્રેસમાં હુષ્ટ પૃષ્ઠ શરીરમાં તેમની કામગીરી માટે બિલકુલ લાપરવાહ ન હોવાનુ તારણ બહાર આવ્યું છે. જેથી અસામાજીક તત્વો આવા સ્થળો કે જ્યાં બાઉન્સર્સ હોય છે ત્યાંથી દૂર જ રહે છે. વધુમાં લોકો તેમની

● અનુસંધાન પાન-૭ પર

Indane **ખાસ આગત્યની સુચના** Indane

**યોજના તા. ૧-૧-૨૦૧૫થી અમલમાં આવવાની છે**

જીયા ઈન્ડેન ગેસ સર્વિસના તમામ માનવંતા ગેસ ગ્રાહકોને જણાવવાનું કે દરેક ગ્રાહક મિત્રોને LPG સીલીન્ડર ઉપર મળતી સબસીડીહવે દરેક ગ્રાહકમિત્રોને તેમના બેંક ખાતામાં આપવાનું સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જેથી કરીને

**આધાર કાર્ડ ધરાવનાર ગ્રાહક માટે**

**જે ગ્રાહક મિત્રો પાસે આધાર કાર્ડ આવી ગયા હોય તેમણે નીચે મુજબના પુરાવા આપવા :-**
(૧) આધાર કાર્ડ (૨) ચૂંટણી કાર્ડ (૩) રેશન કાર્ડ અને (૪) ગેસની પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ (૫) રાષ્ટ્રીયકૃત બેંકની પાસબુકની પ્રથમ પાનાની ઝેરોક્ષ કોપી, કેન્સલ કરેલો ચેક એક જ પેપર પર કઢાવી તેની ઉપર પોતાના કાયમી મોબાઈલ નંબર તેમજ ઝેરોક્ષ કોપી ઉપર ગ્રાહકે પોતે જ પોતાની સહી / અંગુઠાની છાપ લગાવી, ઝેરોક્ષ કેપી જીયા ઈન્ડેન, બાયડ ખાતે રૂબરૂમાં આપી જવું.

**આધાર કાર્ડ નહી ધરાવનાર ગ્રાહક માટે**

જે ગ્રાહક મિત્રો પાસે આધાર કાર્ડ ન આવ્યા હોય તેમણે LPG ગેસની સબસીડી માટેનું FORM-4માં બધી વિગતો ભરીને તે ફોર્મની સાથે...
(૧) રાષ્ટ્રીય કૃત બેંકની પાસબુકની પ્રથમ પાનાની ઝેરોક્ષ કોપી, કેન્સલ કરેલો ચેક
(૨) ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ કોપી
(૩) રેશન કાર્ડની ઝેરોક્ષ કોપી
(૪) ગેસની પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ એક જ પેપર ઉપર કઢાવી તેની ઉપર પોતાનો કાયમી મોબાઈલ નંબર તેમજ ઝેરોક્ષ કોપી ઉપર ગ્રાહકે પોતે જ પોતાની સહી / અંગુઠાની છાપ લગાવી, ઝેરોક્ષ કોપી જીયા ઈન્ડેન, બાયડ ખાતે રૂબરૂમાં આપી જવું.

**ગ્રાહક મિત્ર સરકાર માન્ય કોઈ પણ આધારકાર્ડ સેન્ટર ઉપરથી આધારકાર્ડ કઢાવી શકશે.**

નોંધ :
- ગેસ રીફીલ ઓન લાઈન બુકીંગ કરાવવા માટે ૯૬૨૪૩૬૫૩૬૫ નંબર ઉપર ફોન કરવો.
- ગ્રાહક મિત્રોને સબસીડીની રકમ જે બેંકના ખાતામાં જોયતી હોય તે બેંકમાં જઈ આધાર કાર્ડની કોપી આપવી ફરજીયાત છે. તો જ બેંકના ખાતામાં સબસીડીની રકમ જમા મળશે.

**જીયા ઈન્ડેન** ૫૯/૬૦, સહજાનંદ કોમ્પલેક્ષ, બાયડ
ફોન : ૦૨૭૭૯-૨૨૩૦૨૫, ૨૦૩૦૩૪

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com